Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# જાહેરાત

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે Foreign Language Course માટે જરૂરી યુનિવર્સિટીના નિયમાનુસાર મહેનતાણું ચૂકવવાની પધ્ધતિથી વિવિધ Foreign Language ના વિષયો માટે મુલાકાતી અધ્યાપક (Visiting Faculty) તરીકે ઓનલાઈન અને ઓફલાઈન લેક્ચર લઈ શકે તેવા ઉમેદવારોએ તા.૩૧/૦૧/૨૦૨૪ સાંજે ૬:૦૦ કલાક સુધીમાં ઓનલાઈન અરજી કરવાની રહેશે. જેની સંપુર્ણ વિગત યુનિવર્સિટી વેબસાઈટ www.vnsgu.ac.in અને rms.vnsgu.net પર ઉપલબ્ધ છે.

નોંધ : **Foreign Languages Certificates** ને **Other Tab** માં જઈને **Add** કરવાના રહેશે.

ક્રમાંક : જન–પી.જી/મુ.અ./૩૧૮૬૯/૨૦૨૩. Sd/-
તા. ૨૯/૧૨/૨૦૨૩ કુલસચિવ

Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

**Position of Visiting Faculties in Foreign Languages at Veer Narmad South Gujarat University, Surat**

**Employment Notice No. જન–પી.જી./મુ.અ/૩૧૮૬૯/૨૦૨૩,તા.૨૯/૧૨/૨૦૨૩**

| Sr. No. | Specialization |
|---|---|
| 1 | Language Interpretation Using AI |
| 2 | German Language |
| 3 | French Language |
| 4 | Spanish Language |
| 5 | Mandarin (Chinese Language) |
| 6 | Japanese Language |
| 7 | Dutch Language |
| 8 | Swedish Language |
| 9 | Finnish Language |
| 10 | Korean Language |
| 11 | Russian Language |
| 12 | Any other Foreign Languages |

-----xxxxx------

Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

## ::મુલાકાતી અધ્યાપક (Visiting Faculty) ઉમેદવારોની પ્રતિક્ષા યાદીમાં અરજી કરવા માટેની સૂચનાઓ ::

૧. મુલાકાતી અધ્યાપક તરીકેની પ્રતિક્ષા યાદીમાં અરજી કરનાર ઉમેદવારો પૈકી ન્યુનત્તમ યુજીસી, ગુજરાત સરકાર અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ન્યુનત્તમ ધારાધોરણ પ્રમાણે ડિગ્રી અને લાયકાત ધરાવનાર ઉમેદવારોને પ્રાધાન્ય આપવામાં આવશે.

૨. ઇન્ટરવ્યુ સંદર્ભે વિભાગના અધ્યક્ષ/ કો-ઓર્ડીનેટર/કો-કોઓર્ડીનેટર/પી.જી.ઇન્ચાર્જ/આચાર્યશ્રી/ ઓ.એસ.ડી. દ્વારા ઉમેદવારનો સંપર્ક કરવામાં આવશે. ઇન્ટરવ્યુ સંદર્ભ કોઇ વિભાગ/ કોલેજ/ પી.જી. સેન્ટરનો ઉમેદવારોએ સંપર્ક કરવો નહીં અથવા ફોન કે પુછપરછ કરવી નહીં.

૩. ઉમેદવારે રોજગાર કચેરીમાં નોંધણી કરાવી Employment Registration Card અરજી સાથે અપલોડ કરવાનું રહેશે.

૪. ઉમેદવારે સંબંધિત પોસ્ટ (જગ્યા) સંદર્ભે અરજીપત્રકની કોપી જરૂરી લાયકાત, અનુભવ, ઉંમર તેમજ અન્ય વધારાની લાયકાતો અંગેના પુરાવાની ખરી નકલ જયારે ઇન્ટરવ્યુ માટે બોલાવવામાં આવે ત્યારે રજુ કરવાના રહેશે.

૫. અરજીપત્રકમાં વધારાની માહિતી આપવા ઉમેદવારની સહી સાથેનો વધારાનો કાગળ સામેલ કરી શકશે.

૬. અનામત કેટેગરી (એસ.સી./એસ.ટી./એસ.ઇ.બી.સી./વિકલાંગ/EWS) ધરાવતાં ઉમેદવારોએ સક્ષમ સરકારી સત્તા અધિકારીશ્રીનું સર્ટીફીકેટ ઇન્ટરવ્યુ સમયે સાથે લાવવાનું રહેશે.

૭. ઉમેદવારે ભરેલ અરજીપત્રકમાં પત્રવ્યવહારના સરનામાં, ફોન નંબરમાં ફેરફાર થાય તો તે અંગેની લેખિતમાં જાણ કુલસચિવશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના-મગદલ્લારોડ, સુરત-૩૯૫ ૦૦૭ ને કરવાની રહેશે.

૮. અધૂરી ભરેલ વિગતવાળા અરજીપત્રક ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

૯. ઉમેદવારે જરૂરી લાયકાત ધોરણ તપાસીને પૂરેપૂરી માહિતી મેળવીને અરજી કરવાની રહેશે. લાયકાત અંગે કોઇપણ પૂછપરછ ધ્યાને લેવામાં આવશે નહીં

૧૦. ઉમેદવારે સ્વ ખર્ચે પ્રતિક્ષા યાદીના ઇન્ટરવ્યુમાં હાજર થવાનું રહેશે.

૧૧. પ્રત્યક્ષ અથવા પરોક્ષ દાબદબાણ ઉમેદવારને ગેરલાયક ઠેરવવાને પાત્ર છે.

૧૨. ઇન્ટરવ્યુ માટે જે તે વિભાગના અધ્યક્ષ/કો-ઓર્ડિનેટર/કો-કોઓર્ડિનેટર/પી.જી.ઇન્ચાર્જ/ આચાર્યશ્રી/ ઓ.એસ.ડી. બોલાવે તે સમયે કોવિડ-૧૯ મહામારીને કારણે સામાજીક દૂરી જાળવી કોરોના માટેની સરકારશ્રીની SOP (માર્ગદર્શિકા)નું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૩. કોઇ પણ ઉમેદવાર અગર ખોટી માહિતી આપશે, અધુરી માહિતી કે માહિતી છુપાવવાની કોશિષ કરશે તો તે ઉમેદવાર જે તે જગ્યા માટે ગેરલાયક ઠરાવવામાં આવશે. અગર આવા ઉમેદવારની સેવા લેવામાં આવશે તો તેને બરતરફ કરવામાં આવશે.

૧૪. ખાલી/વધારાના કાર્યભાર માટે યુનિવર્સિટીના નિયમોને આધિન જે તે ઉમેદવારોની નિયત સમય માટે સેવા લેવામાં આવશે.

૧૫. પસંદગી પામનાર ઉમેદવારોએ શિફટ પધ્ધતિથી (સવારે ૦૭.૦૦ કલાક થી બપોરે ૦૧.૦૦ કલાક અને બપોરે ૧૨.૦૦ કલાક થી સાંજે ૦૬.૦૦ કલાક અને સાંજે ૦૩.૦૦ થી ૦૯.૦૦ કલાક) કામગીરી તેઓના વિભાગીય વડાશ્રી/ કો-ઓર્ડિનેટર/ આચાર્યશ્રી/ પી.જી. ઇન્ચાર્જ/ કો-કોઓર્ડિનેટર/ઓ.એસ.ડી. ની સુચના અનુસાર ફરજીયાત જે-તે કામગીરી નિયત સમયમાં કરવાની રહેશે.

૧૬. પિરીયડ ઉપરાંત પ્રવેશ, પરીક્ષા, પરિણામ, પાઠયક્રમ અને પ્રાયોગિક પ્રવૃત્તિ, સહઅભ્યાસ પ્રવૃતિ અને વિવિધ કામગીરી જે વિભાગીય વડાશ્રી/ કો-ઓર્ડિનેટર/ આચાર્યશ્રી/ પી.જી. ઇન્ચાર્જ/ કો-કોઓર્ડિનેટર/ઓ.એસ.ડી. અને યુનિવર્સિટી સંબંધિત અધિકારી દ્વારા સોંપવામાં આવશે તે કરવાની રહેશે.

૧૭. પસંદગી પામેલ મુલાકાતી અધ્યાપકે યુનિવર્સિટી નિર્ધારિત કરારનામું રૂા.૩૦૦/- ના સ્ટેમ્પ પેપર પર કરવાનું રહેશે.

૧૮. પસંદગી પામેલ ઉમેદવારોને નક્કી કરેલ આર્થિક વળતર સિવાય કોઇપણ પ્રકારનો વધારો કે ઇજાફો મળવાપાત્ર થશે નહીં. મોંઘવારી ભથ્થુ, વચગાળાની રાહત તેમજ પ્રોવિડન્ટ ફંડ અથવા પગારપંચના બીજા લાભો કે અન્ય કોઇ લાભો મળવાપાત્ર થશે નહીં.

૧૯. યુનિવર્સિટી/પી.જી.સેન્ટરમાં કાયમી ધોરણે કામ કરતાં કર્મચારીએ અરજી કરવાની રહેશે નહિ.

૨૦. હાલમાં કોલેજ/યુનિવર્સિટી/પી.જી.સેન્ટરમાં વિઝિટીંગ ધોરણે કામ કરતાં કર્મચારીઓ અરજી કરી શકશે.

૨૧. મુલાકાતી અધ્યાપક તરીકે ઉમેદવારોએ ફકત ઓનલાઈન જ અરજી કરવાની રહેશે.

----XXXX----